| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૫/૦૭/૨૦૨૩ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન પ્રસંશનીય કામગીરી

### પો.સ્ટે વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ પેટી નંગ-૫૧૯ બોટલ નંગ-૧૧૬૬૪ તથા ટ્રક તથા કાર તથા મોબાઈલ એમ મળી કુલ્લે કિં રૂ. ૨૯,૬૮,૩૫૨/-ના મુદામાલ સાથે એક ઈસમને પકડી પાડી ગણનાપાત્ર કેશ શોધતી સોલા હાઈકોર્ટ પોલીસ

મે.શ્રી ઈન્ચાર્જ પ્રેમવીરસિંગ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓના હુકમથી તથા શ્રી નીરજકુમાર બડગૂજર અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી ડૉ.લવીના સિન્હા સાહેબ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ તથા જી.એસ.શ્યાન સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એ ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એમ.ચૌહાણ નાઓએ સર્વેલન્સ સ્કોર્ડના આસી.સબ.ઈન્સ એ.જે.સાધુ તથા સ્ટાફના માણસોને પોલીસ સ્ટેશન વિસ્તારમા સઘન પેટ્રોલીંગ ફરી પ્રોહીબીશન લીસ્ટેડ બુટલેગર તથા ચોરી છુપીથી પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઇસમોની ઉપર વોચ/રેઇડ કરી વધુમાં વધુ કેશો શોધી કાઢવા તેમજ બનતા ગુનાઓ અટકાવવા સુચના કરતા જે આધારે સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન તા-૨૪/૦૭/૨૦૨૩ના ક્લાક-૦૭/૩૦ વાગ્યે સ્ટાફના માણસોએ સચોટ બાતમી હકિકત આધારે એસ.પી રીંગ રોડ ઉપર આવેલ ઓગણજ ટોલનાકાની પહેલા બાલાજી હોટેલની બાજુની ગલીમાં આવેલ મિલન ફાર્મની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં પડેલ ટ્રક નં-JX-02-CX-6111નો પડેલ જેમાં ગે.કા. વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ જે ગણી જોતા કુલ ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટીઓ નંગ-૫૧૯ બોટલ નંગ-૧૧૬૬૪ કિં.રૂ. ૧૬,૫૮,૩૫૨/- નો પ્રોહી મુદામાલ તથા આઈશર ટ્રક નં-JX-02-CX-6111 તેમજ માલ લેવા આવનાર આઈ-૨૦ કાર નં- GJ-02-DE-1997ની મળી કુલ્લે કિં રૂ.૨૯,૬૮,૩૫૨/-ના મુદામાલ સાથે એક ઈસમને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેશ શોધી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

## પ્રોહી મુદામાલ

(૧) ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટીઓ નંગ-૫૧૯ બોટલ નંગ-૧૧૬૬૪ કિં.રૂ.૧૬,૫૮,૩૫૨/-મતાનો
(૨) અશોક લે-લેન્ડ લીમીટેડ કંપનીનુ આઈશર જેનો આગળ પાછળ આર.ટી.ઓ રજી.નં.JK-02-CX-6111નો જેની કિં રૂ.૧૦, ૦૦,૦૦૦/-મતાનો
(3) હુંડાઈ કંપનીની આઈ-૨૦ ફોરવ્હિલર ગાડી હોય જેનો આગળ પાછળ આર.ટી.ઓ. રજી. નંબર GJ-02-DE-1997નો છે જેના એન્જીન નં-G4LALM571690 તથા ચેચીસ નંબર-MALBM51BLLM811640 નો લખેલ વંચાય છે. જેની કિં.3,00,000/- મતાનો

## આરોપીનુ નામ:

કેતન મહેશભાઈ પ્રજાપતિ ઉ.વ ૨૨ ધંધો-દારૂની હેરફેર રહેવાસી-નવાપુરા શાક માર્કેટની બાજુમાં કડી તા-કડી જી-મહેસાણા
નહી પકડાયેલ વિદેશી દારૂનો જથ્થો લાવનાર અશોક લેલેન્ડ લીમીટેડ કંપનીનો આઈશર ટ્રક નં-JK-02-CX-6111 નો ચાલક

## કામગીરી કરનાર :

(૧) ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર આર.એમ.ચૌહાણ તથા (૨)આસી.સબ.ઈન્સ એ.જે.સાધુ તથા (૩) પો.કો રાહુલભાઈ રમેશભાઈ બ.નં-૧૦૪૮૨ તથા (૪)પો.કો વિરભદ્રસિંહ પ્રવિણસિંહ બ.નં-૧૦૮૧૨ તથા (૫)પો.કો નરેંદ્રસિંહ વિક્રમસિંહ બ.નં-૧૨૪૩૮ તથા (૬)પો.કો જીગ્નેશભાઈ નિલેશભાઈ બ.નં.૧૨૫૨૭ તથા (૭) પો.કો વિરાભાઈ રડમલભાઈ બ.નં-૭૧૦૦ તથા (૮) પો.કો શૈલેષભાઈ ઈશ્વરભાઈ બ.નં-૧૨૦૮૪

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૫૫ લીટર દેશી દારૂ, ૪૪૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ ટ્રક, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૦/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સિટીઃ** જોહેબ સ/ઓ કાદરભાઇ શેખ (ઉ.વ.૨૪) (રહે. સમીર વિહાર સોસાયટી જુહાપુરા) એ તા.૨૪/૦૭/૨૦૨૩ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જોહેબ શેખ નાઓ નારાણપુરા દર્પણ છ રસ્તા પૂણ્યભૂમી શોપીંગ સેન્ટર ખાતે રાજ મોબાઈલ કેર નામની દુકાન ધરાવી મોબાઈલ તેમજ એસેસરીઝનો ધંધો કરતા હોઈ તા.૦૫/૦૭/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે નારણભાઇ બાબરભાઇ દેસાઇ (રહે. પુનમજીનું ડહેલુ જુના વાડજ) નામનો પુરૂષ ગ્રાહક તરીકે દુકાને આવી મોબાઈલ નંગ-૩ કિમત રૂપિયા ૨,૪૧,૦૦૦/- ઘાટલોડીયા બિલેશ્વર સોસાયટી ખાતે પોતાના ભાઈને ફોન બતાવવાનુ કહી જોહેબ શેખને સાથે લઈ જઈ ઘાટલોડીયા બિલેશ્વર સોસાયટી ખાતે અજાણી વ્યક્તિને મોબાઈલ આપી મોબાઈલના પૈસા અંકુર ચાર રસ્તા જઈ આપવાનુ કહી અંકુર ચાર રસ્તા લઈ જઈ પૈસા લઈને આવુ છું તેમ કહી જોહેબ શેખને સંસ્કુત ભારતી નામની સોસાયટી આગળ ઉભા રાખી નાસી જઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

**બાપુનગરઃ** કૃણાલભાઈ દિલીપભાઈ પટેલ (ઉ.વ.૩૩) (રહે.મહાદેવ પ્લેટીનિયમ યશ બંગ્લોઝની બાજુમાં ઘોડાસર વટવા) એ તા.૨૪/૦૭/૨૦૨૩ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ આરોપી (૧) લીયાકત અબ્દુલ લાખા (રહે, લાખા અબ્દુલ સરપત નાકા બહાર આશાપીર દરગાહ પાસે ભુજ શાંતિનગર) (૨) રજાક અલાના સોઢા (રહે, સંજોગનગર ભુજ) (૩) વિશાલ (રહે, અંકલેશ્વર) (૪) રીયાઝખાન પઠાણ ઉર્ફે મુન્નાભાઈ (રહે, અંકલેશ્વર) (૫) ભરતભાઈ (રહે,વડોદરા) (૬) તરૂણસિંહ જાડેજા (૭) હનીફભાઈ હુસેનભાઈ મીર (રહે. સુરેન્દ્રનગર હાલ રહે,ભુજ) (૮) મોહમદ સાજીદ (રહે, અમદાવાદ શહેર) (૯) પ્રસાદ @ મોહનભાઇ શિવરામ પીલ્લાઇ (રહે.૪૦૫ વરધ વિનાયક A, વિંગ કુપર કેરના સેક્ટર -૧(બી) વાસે ન્યુ મુંબઇ (મહારાષ્ટ્ર ) અને (૧૦) હાર્દિક પ્રવિણસિંહ ચૌહાણ (રહે, યોગેશ્વર પાર્ક સોસાયટી કાકડીયા હોસ્પીટલની બાજુમાં બાપુનગર અમદાવાદ શહેર મુળ ગામ-ગેરીતા (કોલવડા) તા.વિજાપુર જી-મહેસાણા) એ ભેગા મળી બાપુનગર ડાયમંડ માર્કેટમાં આવેલ કે.વી.એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢીમાંથી કાચુ સોનુ અપાવવાનો વાયદો કરી કૃણાલભાઈ દિલીપભાઈ પટેલને વિશ્વાસમાં લઈ બાપુનગર ડાયમંડ માર્કેટમાં આવેલ કે.વી.એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢી મારફતે રૂપિયા ૮૫,૦૦,૦૦૦/- મેળવી લઈ કાચુ સોનુ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.રાવલ ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૧/૨૦૨૩**

**વાસણાઃ** ગોદાવરીબહેન દલસુખભાઇ પંચાલ (ઉ.વ.૭૨) (રહે. મોમાઇ આર્યન વર્કસ જેરામભાઇની ચાલી પાસે એ.પી.એમ.સી.વાસણા રોડ) તા.૨૪/૦૭/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે ગાયને રોટલી ખવડાવવા માટે ઘરની બહાર ઓટલા ઉપર ઉભા હતા ત્યારે એક પુરૂષ ગોદાવરીબહેન નજીક આવી ગોદાવરીબહેનના મોઢા ઉપર રૂમાલ રાખી મોઢુ દબાવી ઝપાઝપી કરી રૂમાલમા કઈક પદાર્થ સુંઘાડી હાથમા પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- કાઢી લઈ લૂંટ કરી નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ગોદાવરીબહેન પંચાલ એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૨/૨૦૨૩**

**એરપોર્ટઃ** ધનશ્યામ શ્રીકિશનદાસ અગ્રવાલ (ઉ.વ.૬૫) (રહે. સેટેલાઇટ એપાર્ટમેન્ટ જોધપુર ચાર રસ્તા) એ તા.૨૪/૦૭/૨૦૨૩ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૭/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એરપોર્ટ ટર્મીનલ-૧, ઇન્ડીગો ફલાઇટના ચેક ઇન કાઉન્ટર ખાતે બેગ સોપેલ અને તેઓ પુના પહોચ્યા બાદ બેગ ખોલી જોતા બેગમાંથી અજાણી વ્યક્તિએ બેગમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

**ઓઢવઃ** દેવેશકુમાર રાધેશ્યામભાઇ કાબરા (ઉ.વ.૩૭) (રહે. પ્રણામી બંગ્લોઝ તનમન ભાજીપાઉ પાસે વસ્ત્રાલ રામોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૭/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ સીંગરવા વેપારી મહામંડળ શેડ નંબર-૩૩૨ "મહાકાળી મેટલ કોર્પોરેશન" નામના કારખાનાના ગેટ આગળ પાર્ક કરેલ પોતાની ઇલેકટ્રીક આઇ ક્યુબ એક્ટીવાની ડેકી ખોલી ડેકીમાંથી રોકડ રૂપિયા ૭,૦૦,૦૦૦/- એક્સેસ જેવા મોપેટ પર આવેલ બે પુરૂષ ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ક્રિશ્ચિયન ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૩/૨૦૨૩**

**સાબરમતીઃ** વિશાલ જગધિશ દંતાણી (ઉ.વ.૧૩) (રહે. ઓ.એન.જી.સી.ના છાપરાં જી.એસ.ટી ફાટક પાસે રાણીપ) તા.૨૪/૦૭/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ન્યુ રાણીપ મણકી સર્કલ પાસે મ્યુસિપલ ગાર્ડન ખાતેના હોજમા નાહવા પડતા ડુબી જતા સારવાર માટે સોલા સિવિલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૪/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** ચિંતનભાઈ દેવેન્દ્રભાઈ પટણી (ઉ.વ.૨૭) (રહે. "ઈ" કોલોની બાપુનગર) એ બિમારીથી કંટાળી તા.૨૪/૦૭/૨૦૨૩ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે એન.આઈ.ડી.પાછળ સ્કાઈલાઈન પાસે સીડી નંબર-૪૭ ઈલેકટ્રીક પોલ નંબર-JAWC-1709 પાસે રિવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઈન્દ્રસિંહ માનસિંહ ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ** સાગર રમેશભાઇ પટણી (ઉ.વ.૧૯) (રહે. મધુમાલકી ઓડાના મકાનમા નિકોલ રિંગ રોડ કઠવાડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૭/૨૦૨૩ કલાક ૫/૧૫ વાગ્યાના સુમારે સુભાષબ્રિજ ઉપરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ હેમતસિંહ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** ભાનુપ્રસાદ સ/ઓ અનિલભાઈ સોલંકી (ઉ.વ.૪૮) (રહે. ગંગા એપાર્ટમેન્ટ જી.ડી. હાઇસ્કુલ સામે સૈજપુર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૭/૨૦૨૩ રાતના ૯/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનભાઈ રામજીભાઈ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** સર્વેશ સ/ઓ દિનદયાળ શુકલા (ઉ.વ.૨૧) (રહે. આઇ/3૦૨ પરીષ્કાર-૨ ફેજ-૨ ખોખરા સર્કલ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૭/૨૦૨૩ કલાક ૧૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**ઓઢવઃ** સંજયભાઈ રામસીંગભાઈ ચુનારા (ઉ.વ.૪૦) (રહે. શકરાભગતની ચાલી સુવાસ ઓરમ ફ્લેટ સામે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૭/૨૦૨૩ રાતના ૮/૦૦ થી ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**રામોલઃ** જાનકીબહેન ડો/ઓ નરેશકુમાર રામાણી (ઉ.વ.૨૩) (રહે. શ્રીનાથજી બંગ્લોઝ પ્રકૃતિ સોસાયટીની બાજુમાં તક્ષશીલા સ્કુલ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૭/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી